ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ

રીવાઇઝડ-A-એકેડેમિક કેલેન્ડર વર્ષ જૂન ૨૦૧૮-૨૦૧૯

પરિપત્ર

પ્રતિ

ગુજરાત યુનિવર્સિટીના વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ અને અધ્યાપકો તેમજ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ તથા વિનયન,વિજ્ઞાન,વાણિજ્ય,શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ..

વિષયઃ ગુજરાત યુનિવર્સિટી એકેડમિક કેલેન્ડર શૈક્ષણિક.વર્ષ ૨૦૧૮-૧૯.

સંદર્ભઃ(૧)શિક્ષણ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃપરચ/૨૦૧૮/૬૧/ખ-૧.નો પત્ર

(૨)વિભાગનો એકેડમિક કેલેન્ડર પત્રાંકઃતા.૦૫/૦૭/૨૦૧૮,નંએકેડમિક/૫૧૦૪૧૧/૨૦૧૮નો પત્ર

શ્રીમાન,

આ સાથે શૈ.વર્ષ ૨૦૧૮-૧૯ માટે એકેડમિક કેલેન્ડર નીચે મુજબનું રહેશે.જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | વિગત | દર્શાવેલ સમયગાળામાં અનુસરવાની કાર્યવાહી |
|---|---|---|
| ૧ | પ્રવેશ પ્રક્રિયા | ધોરણ-૧૨ની પરીક્ષાના પરિણામ જાહેર થયાના ૧૫ દિવસમાં પ્રક્રિયા પૂર્ણ કરવી મહત્તમ તા.૧૫-૦૬-૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવી |
| ૨ | પ્રથમ સત્ર (૯૫ શૈક્ષણિક દિવસો પરીક્ષા સમય સિવાય) | તા.૧૨/૦૬/૨૦૧૮ થી તા.૦૪/૧૧/૨૦૧૮ |
| ૩ | કોલેજની આંતરિક પરીક્ષા | આંતરિક પરીક્ષાઓ અથવા સતત મુલ્યાંકન (સતત મુલ્યાંકન એટલેકે વીકલી ટેસ્ટ,પ્રોજેક્ટ વર્ક,ગ્રુપ ચર્ચા વગેરે)થી લેવી.તા.૦૯-૧૦-૨૦૧૮ સુધીમાં કોલેજોએ કાર્યવાહી પૂર્ણ કરવી |
| ૪ | નવરાત્રી વેકેશન(૭ દિવસ) | તા.૧૦/૧૦/૨૦૧૮ થી તા.૧૭/૧૦/૨૦૧૮ |
| ૫ | યુનિવર્સિટીની પરીક્ષા(૨૦ દિવસ) | • સેમ ૨,૪ અને ૬ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૨૨-૧૦-૨૦૧૮ થી તા.૩૧-૧૦-૨૦૧૮.<br>• સેમ ૧,૩ અને ૫ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૧૯-૧૧-૨૦૧૮થી શરૂ. |
| ૬ | દિવાળી વેકેશન(૧૪ દિવસ) | તા.૦૫-૧૧-૨૦૧૮ થી તા.૧૮-૧૧-૨૦૧૮ |
| ૭ | દ્વિતીય સત્ર(૧૧૦ શૈક્ષણિક દિવસો પરીક્ષા સમય સિવાય) | તા.૧૯-૧૧-૨૦૧૮ થી તા.૨૪-૦૪-૨૦૧૯ |
| ૮ | દ્વિતીય સત્ર આંતરિક પરીક્ષા | આંતરિક પરીક્ષાઓ અથવા સતત મુલ્યાંકન (સતત મુલ્યાંકન એટલે કે વીકલી ટેસ્ટ,પ્રોજેક્ટ વર્ક,ગ્રુપ ચર્ચા વગેરે)થી લેવી.તા.૨૮-૦૨-૨૦૧૯ સુધીમાં કોલેજોએ કાર્યવાહી પૂર્ણ કરવી |
| ૯ | યુનિવર્સિટીની પરીક્ષા(૨૦ દિવસ) | • સેમ ૧,૩ અને ૫ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૦૫-૦૩-૨૦૧૯ થી ૧૪-૦૩-૨૦૧૯.<br>• સેમ ૨,૪ અને ૬ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૧૯-૦૩-૨૦૧૯થી શરૂ. |
| ૧૦ | ઉનાળુ વેકેશન(૪૮ દિવસો) | તા.૨૫-૦૪-૨૦૧૯ થી તા.૧૧-૦૬-૨૦૧૯ |

વિદ્યાર્થીઓની સજ્જતા પુરેપૂરી કેળવાય અને તેમની શૈક્ષણિક લાયકાત વધતી રહે તે માટે ભવનોમાં અને અનુસ્નાતક કેન્દ્રોમાં ખુબ ગંભીરતાથી આંતરિક પરીક્ષાઓનું આયોજન કરવું અને તે માટે નીચે પ્રમાણેના નિયમો કરવામાં આવ્યા છે.

- વિદ્યાર્થીઓને માટે આંતરિક પરીક્ષાઓ આપવી ફરજીયાત છે.સેમેસ્ટર પધ્ધતિના માળખામાં આંતરિક અને યુનિવર્સિટી પરીક્ષાઓના ગુણનું પ્રમાણ ૩૦:૭૦ રાખવામાં આવેલ છે.
- ઉપરના જણાવેલ સત્રોની તથા આંતરિક પરીક્ષાઓની ગોઠવણી વિનયન,વિજ્ઞાન,વાણિજ્ય ,શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોને તથા બી.બી.એ,બી.સી.એ કોલેજોને લાગુ પડે છે.
- આ પરીક્ષાના પેપર તેના ગુણપત્રકો યુનિવર્સિટીને પરીક્ષાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મોકલવાના રહેશે.
- ભવનો માટે આંતરિક પરીક્ષાઓના પેપરો યુનિવર્સિટી પ્રકાશન વિભાગ દ્વારા છપાવવાના રહેશે.જો એવી સંખ્યા ૫૦ કે તેથી ઓછી હોય તો પૂર્વ મંજૂરી મેળવીને ઝેરોક્ષ કરી શકાશે.
- આંતરિક પરીક્ષાનું સુપરવિઝન જે તે વિષયના અધ્યાપકોએ ફરજના ભાગરૂપે કરવાનું રહેશે.

P.M Joshi

કા.કુલસચિવ

નં.એકેડમિક/17184/૨૦૧૮

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય

અમદાવાદ-૩૮૦૦૦૯

તા.23/08/2018